જા.નં/પ્રાથમિક/ફાયરસેફ્ટી/૨૦૨૧/ ૭૯૨૭-૨૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૨૧/૦૬/૨૦૨૧

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
શહેરી વિસ્તારની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,

વિષય :- સક્ષમ અધિકારી પાસેથી ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરેલ હોય તેવી શાળાઓએ ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર મળતાં માહિતી રજુ કરવા બાબત.

સંદર્ભ:- ૧. ચીફ ઓફિસરશ્રી,FIRE,SMC,સુરતનાં પત્રાંક:એફઈએસ/આઉટવર્ડ/૪૨૩/૬ તા.૦૫/૦૬/૨૦૧.
૨. આ કચેરીનાં પત્રાંક:મા-૭/ફાયર-NOC/૨૦૨૧/૭૪૩૯-૪૦ તા.૧૦/૦૬/૨૦૨૧
૩.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરનાં પત્રાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧-૨૨/૪૦૦૧-૮૭ તા.૧૯/૦૬/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સ્કુલ સેફટી પોલીસી અંતર્ગત નેશનલ બિલ્ડીંગ કોડ-૦૦૫ પ્રમાણે ફાયર સેફ્ટીનાં ઉપકરણોની ગાઈડ લાઈન પ્રમાણે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઈડ લાઈન મુજબ ફાયર સેફ્ટીનાં ઉપકરણોની સુવિધા ફરજીયાત હોવી જોઈએ. જે શાળાઓએ હજુ સુધી સક્ષમ અધિકારી પાસેથી ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરેલ ન હોય કે ફાયર સેફ્ટીના પ્રમાણપત્ર, ઉપકરણો રીન્યુ કરવાનાં બાકી હોય તો તાત્કાલિક કાર્યવાહી પૂર્ણ કરવી.

વધુમાં જે શાળાઓએ સક્ષમ અધિકારી પાસેથી ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરેલ હોય તેવી શાળાઓએ ફાયર સેફ્ટીનું પ્રમાણપત્ર મળતાં તાત્કાલિક આ કચેરીની પ્રાથમિક શાખામાં ફાયર NOCની નકલ રજુ કરવા જણાવવામાં આવે છે. ફાયર સેફ્ટી બાબતે આપની શાળામાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળ અને શાળાનાં આચાર્યની રહેશે. તેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત